# બનાસકાંઠાની થાવર આરટીઓ ચેક પોસ્ટને માર્યુ સીલ

## ગુજરાત સરકારના નવા નિયમ પ્રમાણે આજથી ગુજરાતની આરટીઓ ચેકપોસ્ટ પર સીલ : સરકારના કરોડો રૂપિયા પાણીમાં

ગુજરાત સરકાર ના નવા નિયમ પ્રમાણે આજથી ગુજરાતની આરટીઓ ચેકપોસ્ટ પર સીલ મારી દેવામાં આવ્યા છે તો બીજી તરફ આરટીઓ ચેકપોસ્ટ પર કરેલો કરોડો રૂપિયાનો ખર્ચો પાણીમાં ગયો છેગુજરાત રાજયની તમામ ૧૬ જેટલી આરટીઓ ચેક પોસ્ટ હવે ભુતકાળ બની ગઈ છે સરકાર દ્વારા આ તમામ આર.ટી.ઓ. ચેક પોસ્ટને નાબુદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦ નવેમ્બરથી આ પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. ત્યારે વાહન માલીકો અને ટ્રાન્સપોટરોએ ઓનલાઈન કર અને દંડની રકમ ભરપાઈ કરવાની રહેશે. વાહન માલિક કે ટ્રાન્સપોર્ટર વાહન અને માલ સંબંધિત સ્વૈરછિક જાહેરાત દ્વારા વાહન અને માલની લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ જાહેર કરી શકશે અને ભરવાપાત્ર રકમ ઓનલાઈન ભરી શકશે.જો કોઈ વાહન માલિક ખોટી માહિતી ઓનલાઈન જાહેર કરશે અને પકડાશે તો બમણાં દંડની વસુલાત કરવામાં આવશે.પરવાનગી ફક્ત વાહનના માપ અને માલના ઓવરડાયમેન્શન પૂરતી છે. ઓવરલોડ માલની પરવાનગી ઓડીસી મોડયુલ પર મળશે નહીં. ઓવરલોડ માલનું પરિવહન પ્રતિબંધિત છે.હાલ ગુજરાત રાજયની ચેકપોસ્ટ પરની આવક રૂા. ૩૩૨ કરોડ ચેકપોસ્ટ ઉપર વસુલ કરવામાં આવતી હતી. તે હવે જે આવક ઓવરડાયમેન્શન (ઓડીસી) મોડયુલ દ્વારા વસુલ કરવામાં આવશે.આ નિર્ણયથી ગુજરાત રાજય અને દેશના વાહન વ્યવહાર ઝડપી, કાર્યક્ષમ અને નફાલક્ષી, પારદર્શક બનશે. ઊિફતય જ્ઞર ઉજ્ઞશક્ષલ ઈીતશક્ષયતત ની દિશામાં ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ કદમ છે.આ ઉપરાંત હાલ શિખાઉ લાયસન્સ આર.ટી.ઓ. કચેરી ખાતેથી ઈસ્યુ કરવામાં આવે છે. શિખાઉ લાયસન્સ હવે આઈ.ટી.આઈ. કક્ષાએથી ઈસ્યુ કરવામાં આવશે.ચેકપોસ્ટ પર થતી ગેરરીતિ અટકાવવા તમામ કામગીરી ઓનલાઈન કરવામાં આવી છે. વાહનમાલિકો ટેક્સ, ઓવરલોડ, દંડની રકમ ઓનલાઈન ભરે અને વાહન સાથે પાવતી રાખે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ઓનલાઈન દંડ નહીં ભરનાર પાસે ૧૦ ગણો દંડ વસૂલવાની જોગવાઈ કરવામાં આવશે. તો પ્રામાણિક અધિકારીઓની એક ફલાઈન સ્ક્વોર્ડ રચવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. ચેકપોસ્ટના સ્થાને સરકારી તંત્રો ડિજિટલ ચેકીંગ કરશે. તો બી જી તરફ છેલ્લા વે વર્ષ થી રાજ્ય ની તમામ ચેક પોસ્ટ નુ બાંધકામ ચાલુ કરવું હતું અને બાંધકામ પાછળ કરોડો રૂપિયા નું ખર્ચ પણ કરવામાં આવ્યો હતો અને હજુ પણ કેટલીક ચેક પોસ્ટ ઉપર તો કામ ચાલુ છે અને ટૂંક જ સમય માં આરટીઓ ચેક પોસ્ટ બંધ થઈ જતા સરકાર ના કરોડો રૂપિયા પાણી માં ગયા છે.



# ડીસા તાલુકામાં ઠંડીનો ચમકારો બે દિવસમાં પારો ૩ ડિગ્રી ગગડયો

## ગરમ વસ્ત્રોની બજારોમાં ગરમાવો

ડીસા સહિત સમગ્ર જિલ્લામાં ધીમે પગલે ઠંડીની જમાવટ થઈ રહી છે વહેલી સવારે અને મોડી રાત્રે જોરદાર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે છેલ્લાં બે-ત્રણ દિવસથી ડીસામાં લઘુતમ તાપમાનનો પારો પણ ગગડી રહ્યો છે જેમાં બુધવારના ડીસાનુ લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું હતું જેને લઈ સમગ્ર પંથકમાં ઠંડીનો અહેસાસ વર્તાતો જોવા મળ્યો હતો.



છેલ્લા કેટલાક સમયથી કુદરતી ઋતુ ચક્રમાં આવેલા ફેરફારના પરિણામે ઠંડીનું આગમન થોડું મોડું થયું છે પણ ધીમે ધીમે હવે વાદળાં વિખેરાઈ જતા શિયાળાની જમાવટ થઈ રહેલી જોવા મળી રહી છે જેથી ડીસા સહિત સમગ્ર જિલ્લામાં ઠંડીનો ચમકારો અનુભવાતા લોકો વહેલી સવારે અને મોડી રાતે ગરમ વસ્ત્રો પહેરી ઘરની બહાર નીકળી રહ્યા છે ઠંડીના આગમનને લઈ બજારોમાં પણ ગરમ વસ્ત્રોની માંગ જોવા મળી રહી છે અને ઠેર-ઠેર રસ્તાઓ અને હાઈવે પર ગરમ વસ્ત્રના ઢગલાઓ જોવા મળી રહ્યા છે શિયાળાની થયેલી જમાવટને લઈ ખેડૂતો પણ રવી સીઝનની વાવણીની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે અને વાવણી કામમાં પણ જોતરાઈ રહ્યા છે સમગ્ર ગુજરાત રાજયમાં ડીસા પંથકમાં સૌથી વધુ ઠંડી પડતી હોય છે જેને લઈ છેલ્લા બે દિવસથી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. જેના કારણે ટૂંક સમયમાં કાતિલ ઠંડીનો દૌર શરૂ થવાની હવામાન વિભાગે પણ શકયતા દર્શાવી છે.



# ગુજરાતની ૧૬ ચેકપોસ્ટ બંધ થતા અધિકારીઓ અને વહીવટદારોમાં 'કહી ખુશી... કહી ગમ...'

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ ૧૬ આરટીઓ ચેકપોસ્ટ આજથી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારે આંતરરાજ્ય સીમાઓ પર આવેલી ચેકપોસ્ટ બંધ કરવામાં આવતા સરકારને લાભ થશે કે નુકશાન પણ એક તરફી ચેકપોસ્ટ પર રાજ કરનારા કેટલાક ભ્રષ્ટાચારી અધિકારીઓ, કર્મચારીઓ અને વહીવટદારો સહીત એક તરફી શાસન ચલાવનારાઓ ફોલ્ડરિયાઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.



ગુજરાતની બહુ ચર્ચિત અને વર્ષે દહાડે કરોડો રૂપિયાની સરકારી તિજોરીને આવક કરાવતી શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર સૌથી વધુ ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની સાથે અનેકવાર એન્ટી કરપ્શનની ટ્રેપ અને આંટાફેરા થતા હતા શામળાજી ચેકપોસ્ટ પર ફોલ્ડરિયાઓના ત્રાસથી વાહનચાલકો અને અધિકારીઓ પણ તોબા પોકારી ઉઠ્યા હતા. ફોલ્ડરિયાઓ વચ્ચે અનેકવાર ગેંગવોર પણ જોવા મળતી હતી ત્યારે રાજ્ય સરકારના એકાએક લીધેલ નિર્ણયથી શામળાજી પાસે રાજસ્થાનની સરહદે આવેલી આરટીઓ ચેકપોસ્ટ પણ બંધ કરવામાં આવી છે. વાહનચાલકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

શામળાજી ચેકપોસ્ટ પ્રથમ દિવસથી જ એક પણ કર્મચારી કે અન્ય કોઈ ફોલ્ડરિયા જોવા મળ્યા ન હતા. તમામ વાહનો સરળતાથી ચેકપોસ્ટ પરથી પસાર થતા જોવા મળ્યા જેના કારણે ટ્રાફિક સમસ્યા પણ હળવી થઈ હોય એવું જણાયું હતું. ત્યારે વાહન ચાલકોને સ્થાનિક અધિકારીઓની કનડગત પણ દૂર થઈ છે. ઘણી વખત વાહનચાલકોને કોઈને કોઈ બહાને ખોટી રીતે કરવામાં આવતી પરેશાની અને આકરા દંડમાંથી પણ મુક્તિ મળી છે. દરરોજ શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર હજારો વાહનોની અવરજવર રહેતી હોય છે ત્યારે ઓનલાઈન ટેક્ષ થવાથી ભ્રષ્ટચાર પણ અટકી જશે ત્યારે વાહન માલિકો આજથી પરિવહન ડોટ કોમ નામની એપથી પોતાના વાહનનો વેરો સીધો ભરી શકશે અને સરકારના આ નિર્ણયથી વાહનચાલકોમાં ભારે ખુશી છવાઈ છે.

## બામણા કોલેજનું ગૌરવ

ભિલોડા, તા. ૨૦



બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ફરજ બજાવતા અંગ્રેજી વિષયના અધ્યાપક ડૉ. નિવૃત્તિનાથ આર. જોષીએ તાજેતરમાં 'સોશ્યલ કન્સર્ન ઈન ધ સિલેક્ટ નોવેલ ઓફ આર.કે. નારાયણ એન્ડ પન્નાલાલ પટેલ, એ કમ્પેરેટિવ સ્ટડી' વિષયમાં ડૉ. ઝરદારા ખાનસાહેબના માર્ગદર્શન હેઠળ પેસિફિક યુનિવર્સિટી, ઉદયપુર (રાજસ્થાન)થી પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. કોલેજના પ્રમુખ દિનેશભાઈ ભટ્ટ, મંત્રી જગદીશભાઈ જોષી,. પ્રિ. ડૉ. કલ્પનાબેન આર. પટેલ તેમજ સમગ્ર સ્ટાફમિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ઊંઝામાં નવજાત બાળકને ત્યજી દેવા મામલે મહિલા પ્રોબેશન પર મુક્ત

ઊંઝા, તા. ૨૦

ઊંઝા શહેરમાં આજથી ચાર વર્ષ પૂર્વે એક નવજાત બાળકને ત્યજી દેવાના કિસ્સામાં ઊંઝાની અદાલતે બે સ્ત્રી આરોપીઓ પૈકી એકને નિર્દોષ ઠરાવી જ્યારે બીજી સ્ત્રી આરોપીને ગુનામાં તકસીરવાર ઠરાવી ધી પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ ૪ મુજબનો લાભ આપી ત્રણ વર્ષ માટે ૧૫ હજારના સદ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપી કેટલીક શરતોએ પ્રોબેશન ઉપર મુક્ત કરવાનો હૂકમ કર્યો છે.

વિગત એવી છે કે ગત તા. ૩-૯-૧૫ના રોજ ઊંઝા ખાતે બહારમાઢ કાળકામાતાના મંદિરની પાસે ખુલ્લી ગટર નીચે ત્યજી દીધેલ નવજાત બાળક મળી આવ્યુ હતુ. જે અંગે સ્થાનિક પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી તપાસ દરમિયાન આ વિસ્તારમાં રહેતી એક યુવતી અને તેની માતાની સંડોવણી ખુલતાં તેઓની વિરૂદ્ધ અદાલતમાં ચાર્જસીટ રજૂ કર્યુ હતુ.

આ કેસ ઊંઝાની અદાલતમાં એડી ચીફ જ્યુ મેજીસ્ટ્રેટ એચ.જે. ઠાકર સમક્ષ ચાલી જતાં સરકારી વકિલ વિજય બી. બારોટની દલીલોને ગ્રાહ્ય રાખી બે મહિલા આરોપીઓ પૈકી શારદાબેન લીલાચંદ પટેલને ઈ.પી.કો. કલમ ૩૧૭ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. જ્યારે બીજા મહિલા આરોપી આશાબેન ઉર્ફે જાગૃતિબેન લીલાચંદ પટેલને આ ગુનામાં તકસીરવાર ઠરાવી ધી પ્રોબેશન ઓફ ઓર્ફેન્ડર્સ એક્ટ ૧૯૫૮ની કલમ ૪ મુજબનો લાભ આપી ત્રણ વર્ષ માટે ૧૫ હજાર રૂપિયાના સદ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપી આરોપીએ ભોગ બનનાર બાળક પ્રત્યે કોઈ કૃરતા આચરવી નહી, બાળકનો ત્યાગ કરવો નહી તેમજ બાળકનો સારી રીતે ઉછેર કરવા જેવી શરતોએ પ્રોબેશન ઉપર મુક્ત કરવાનો હૂકમ કરેલ છે. આ કિસ્સો ભોગ બનનાર સગીર બાળકની સુરક્ષા અને ભવિષ્ય સંબંધી સંકળાયેલ હોઈ આરોપીની ભોગ બનનાર બાળક પ્રત્યેની વર્તણુંક, સાચવણી અંગે નિરીક્ષણ કરવા પ્રોબેશન અધિકારીને આદેશ કરાયેલ છે.



## રાજ્યકક્ષાની શાળાકીય રમતોત્સવમાં જી જે પટેલ વિદ્યાલય જલોતરાની બાળા રાજ્યકક્ષાએ ઝળકી

વડગામ તાલુકાની જલોતરા શાળાની વિદ્યાર્થીની રાજ્ય કક્ષાની વાંસકૂદ શાળાકીય પ્રવ્રુતિમાં બીજો નંબર મેળવી શાળા તથા ગામનું નામ રોશન કર્યું છે. જલોતરા ગામમાં આવેલ જી.જે.પટેલ હાઈસ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી બાળા રાજપુત કાજલબેન સુદરભાઈએ રાજયકક્ષાની શાળાકિય રમતોત્સવ અંડર ૧૯ હિંમતનગર ખાતે તા ૧૮ નવેમ્બરના રોજ યોજાયેલ જેમાં જી.જે. પટેલ વિદ્યાલયની બાળા રાજ્ય કક્ષાની શાળાકીય રમતોત્સવમાં બીજો નંબર પ્રાપ્ત કરીને શાળા ગામ તેમજ સમાજ અને પરીવારનું નામ રોશન કરતાં આનંદ છવાયો છે. કોચ તરીકે પટેલ મીનાબેને પટેલ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ છે.

# હિંમતનગરમાં મકાનના ધાબા પર ચાલતા જુગારધામ પર દરોડો

## ૬ જુગારીઓ પાસેથી ૯૦ હજારથી વધુનો મુદ્દામાલ પકડાયો

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર સહીત સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી અસામાજીક તત્વોએ ભરડો લેવાનું શરૂ કર્યું છે. ત્યારે મંગળવારે હિંમતનગરના પૂર્વ વિસ્તારમાં આવેલી એક સોસાયટીના મકાનના ધાબા પરથી એ.ડીવીજન પોલીસે છાપો મારીને જુગારધામનો પર્દાફાશ કર્યો હતો અને જુગાર રમતા છ જુગારીઓને અંદાજે રૂ. ૯૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લઈને તેમની વિરૂદ્ધ જુગારધારાની કલમ મુજબ એ.જીવીજન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગરના પૂર્વ વિસ્તારમાં આવેલ શ્યામ સુંદર સોસાયટીના એક મકાનના ધાબા પર છેલ્લા કેટલાક સમયથી કેટલાક અસામાજીક તત્વો ગેરકાયદે જુગારધામ ચલાવી રહ્યા છે. તેવી બાતમી મળ્યા બાદ એ.ડીવીજન પોલીસે વોચ ગોઠવીને શ્યામ સુંદર સોસાયટીમાં આવેલ મકાન નં. ૧૫૩માં રહેતા પ્રવિણભાઈ મોહનભાઈ તીરગરના ધાબા પર દરોડો પાડ્યો હતો.

ધાબા પર ચાલતા જુગારધાને લઈને આ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી અનેક શંકા કુશંકાઓ ચાલી રહી હતી. જુગારધામ ચાલતુ હોવાને કારણે દિવસ કરતા રાત્રે કેટલાક લોકોની અવરજવર વધુ રહેતી હતી. જેને લઈને આ વિસ્તારમાં રહેતા અનેક લોકોમાં પ્રવિણભાઈ તીરગરના મકાનમાં કોઈક પ્રવૃત્તિ ચાલી રહી હોવાની આશંકાને મંગળવારે પુરતુ સમર્થન મળ્યુ હતુ.

એ.ડીવીજન પોલીસે પ્રવિણભાઈતીરગરના ધાબા પરથી પકડેલા જુગારધામની તપાસ દરમ્યાન પોલીસને રોકડ, મોબાઈલ તથા વાહનો સહીત રૂ. ૯૦,૧૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓ હેબતાઈ ગયા હતા. જોકે પોલીસે છ જુગારીઓની અટકાયત કરી તેમની વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## ડીસામાં વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીને પુષ્પાંજલિ...

ભારતના સદગત વડાપ્રધાન ભારતરત્ન સ્વર્ગસ્થ શ્રીમતી ઈન્દિરા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ડીસા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીની પ્રતિમા પર પુષ્પ માળા અર્પણ કરવામાં આવેલ આ પ્રસંગે ડીસા શહેર /તાલુકાના પ્રમુખ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર ભાઈ બહેનો ઉપસ્થિત રહેલ અને બાહોશ મહિલા વડાપ્રધાને દેશ હિતમાં આપેલ યોગદાનને બિરદાવ્યું હતું.

# સાબરકાંઠામાં બાળ મૃત્યુદરમાં વધારો ચિંતાજનક

## રોજ બે બાળકો મૃત્યુ પામે છે : ૨૧૦ દિવસમાં ૪૨૦ બાળકોના મોતથી કુપોષણ જવાબદાર હોવાનુ અનુમાન : આરોગ્ય વિભાગના કરોડો રૂપિયાનો ખર્ચ બાળ મૃત્યુદર ઘટાડવામાં નિષ્ફળ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કુપોષણને નાબુદ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાઈ રહ્યો હોવા છતા તેમાં આરોગ્ય વિભાગને ઝાઝી સફળતા મળી નથી. જિલ્લામાં સાત માસમાં એટલે કે ફક્ત ૧૨૦ દિવસમાં અંદાજે ૪૨૦ નવજાત શિશુઓના કુપોષણને કારણે તથા એનીમીયાની ઉણપને લીધે ૧૪ સગર્ભા માતાઓના મોત નિપજ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જોકે આરોગ્ય વિભાગે કુપોષણને નાબુદ કરવા માટે વિવિધ યોજનાઓ અંતર્ગત અંદાજે રૂ. ૧૭ કરોડનો ખર્ચ એળે ગયો હોય તેવુ લાગી રહ્યું છે. બાળ મૃત્યુદરમાં વધારો એ ખુબજ ચિંતાજનક સાબિત થઈ રહ્યો છે. જોકે એના માટે તબીબો કુપોષણ અને સગર્ભા માતાઓમાં એનીમીયાની ઉણપ હોવાનુ તારણ કાઢે છે.

સાબરકાંઠાની વાત કરીએ તો કેટલાક મોટા શહેરો અને ગામડાઓને બાદ કર્યા બાદ અનેક વિસ્તારો ઉંડાણના વિસ્તારો આવેલા છે. જ્યાં રહેતા લોકોને શરીરને પોષણ મળે તેવી ખોરાક કે વિટામીન યુક્ત તત્વો મળતા નથી. જેના લીધે ગામડાઓમાં રહેતી મહિલાઓ જ્યારે પણ સગર્ભા થાય ત્યારથી જ તેણી વિવિધ રોગોનું શિકાર બની જાય છે. અને બાળકને જન્મ આપે ત્યારે તે બાળક તરત જ અથવા તો જન્મના થોડા સમયમાં મૃત્યુ પામે છે.

આરોગ્ય વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા સાત માસથી એટલે કે ૨૧૦ દિવસમાં અંદાજે ૪૨૦ બાળકો મોત નિપજ્યા છે. જે અંગે તપાસ કરતા એવુ માલુમ પડ્યું છે કે જન્મતાની સાથે અથવા તો જન્મના થોડા દિવસ બાદ જે નવજાત શિશુઓના મોત થયા છે તે પાછળ સગર્ભા માતાઓને પોષણક્ષમ ખોરાક ન મળતા તેમના ઉદરમાં વિકસી રહેલુ બાળક કુપોષણનો ભોગ બને છે અને જન્મ લેતાની સાથે જ અફાની દુનિયા છોડીને અનંત યાત્રાએ જતુ રહે છે.

સાબરકાંઠા જિલ્લામાં સાત માસ દરમ્યાન ૧૪ સગર્ભા માતાઓના મોત નિપજ્યા છે. તેના માટે આ સગર્ભા માતાઓ જ્યારે ગર્ભ ધારણ કરે છે ત્યારે તેમના શરીરમાં કેટલા વિટામીન્સની ઉપણ હોવાથી આ સગર્ભા માતાઓ એનીમીયા રોગનો શિકાર બની જાય છે. અને બાળકને જન્મ આપ્યા પહેલા અથવા તો જન્મ આપ્યા બાદ તેઓ મરણ પામે છે. તો બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય વિભાગના માધ્યમથી બાળક મૃત્યુદર અને સગર્ભા માતાઓના મોતનો આંક ઘટાડવા માટે સાત માસ દરમ્યાન અંદાજે રૂ. ૧૭ કરોડનો ખર્ચ કરાયો છે. પરંતુ તેમાંથી આરોગ્ય વિભાગને કોઈ ઝાઝી સફળતા મળી નથી.

જિલ્લામાં અત્યારે શિક્ષણનું સ્તર અને લોકજાગૃતી વધી રહી છે. ત્યારે આમ પ્રજાએ પણ બાળ મૃત્યુદરમાં ઘટાડો થાય તે દિશામાં વિચારવાનો સમય પાકી ગોય છે. સરકારે અત્યાર સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં બાલસખાની ત્રીજી યોજનામાં રૂ. ૧૭ કરોડ ખર્ચી નાખ્યા છે. તો બીજી તરફ જનની સુરક્ષા પાછળ રૂ. ૨૮.૫૩ લાખનો ખર્ચ કર્યો છે. તેમ છતાં જિલ્લામાં રોજ બે બાળોકના જન્મતાની સાથે જ મોત થાય છે.

### જિલ્લા આરોગ્ય અધિકારી શુ કહે છે

સાબરકાંઠા જિલ્લામાં સાત માસ દરમ્યાન રોજના બે બાળકોના મોત થયા છે તે અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશભાઈ પટેલનું કહેવું છે કે આ ગાળા દરમ્યાન બાળ મૃત્યુદર અને સગર્ભા માતાઓના મૃત્યુદરમાં થયેલો વધારો ખરેખર ચિંતા ઉપજાવે છે તેમ છતાં આરોગ્ય વિભાગ મૃત્યુદરના આ આંકને નીચો લાવવા વિવિધ યોજનાઓ થકી પ્રયાસ કરી રહ્યું છે.

### સ્ત્રી રોગ નિષ્ણાત શુ માને છે

સાબરકાંઠા જિલ્લામાં બાળ મૃત્યુદરમાં થયેલા વધારા અંગે હિંમતનગર સિવિલ હોસ્પિટલના સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. મયુર ગાંધીનું માનવું છે કે બાળ મૃત્યુદર ઘટાડવા માટે સમયસર નોંધણી કરાવવી જોઈએ તથા સગર્ભાઓએ નિયમીત રીતે મેડીકલ ચેકઅપ કરાવાવનો આગ્રહ રાખવો જોઈએ. પ્રસુતી દરમ્યાન સગર્ભા માતા દરમ્યાન બાળકના મૃત્યુમાં પ્રાથમિક કારણોમાં એનીમીયાની ઉણપ, ઈન્ફેક્શન તેમજ પ્રસુતી બાદ માતાને હૃદયરોગની તકલીફ હોવાનુ તપાસ દરમ્યાન જણાયુ છે.